# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૪૬ ● સળંગ અંક : ૯૭ ● તા. ૧૮ એપ્રિલ ૨૦૨૦ થી ૨૪ એપ્રિલ ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## સમસ્ત મહાજનની બીટુબી અને સ્વરોજ સમિતિ દ્વારા લોકડાઉન દરમ્યાન વિવિધ વિષયો ઉપર વેબિનારનું આયોજન

KDO BUSINESS

KDO Swaroj



**Business Opportunities After Lockdown by Mr.Dilipkumar Nagda**



**Is this the end of the bull market or is it opportunity of a lifetime by Mr.Ravi Dharamshi**

**Big boom on Insurance structure post lockdown**

**Transportation and E-Commerce**

**Digital Marketing**

**Banking Sector - Advantages / Opportunities post lockdown**

## કોઈએ મને પૂછ્યું
## આ દુનિયામાં તમારું
## પોતાનું કોણ છે?
## મેં હસીને કહ્યું


# સમય

## જો સમય સારો,
## તો બધા આપણા
## નહીંતર કોઈ નહીં... !!!



**નીશિથ આનંદ દંડ**

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# તને સાંભરે છે? મને કેમ વિસરે રે...

જીવન ત્રણ કાળમાં વીતે છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ. ભૂતકાળની ભૂલોનો પદાર્થ પાઠ ગ્રહણ કરી વર્તમાનકાળ જો સધન બનાવીએ તો ભવિષ્યકાળ નક્કી ઉજળો થવાનો. માનવની આવરદા ત્રણ અવસ્થા જીવે છે. બાળપણ યુવાની અને વૃદ્ધાવસ્થા. દરેક અવસ્થામાં વીતેલી અવસ્થાની યાદ બહુ આવે. જાણે સોનેરી દિવસો પસાર થઈ ગયા એનો રંજ થાય. વીતેલા સમયમાં કેવી સસ્તાઈ હતી. ભલ મનસાઈ ઉદારતા, માનવતા પરોપકાર પણું હતું એની સ્મૃતિ થાય એ વખતની સરખામણીમાં વર્તમાન કાળની સરખામણી થઈ આવે. ઓછી આવક ઓછા સાધનો, ઓછી સગવડો છતાં જીવન ધબકતું, જીવવા જેવું લાગે, આજના સમયની સરખામણીમાં.

વય વધે, તેમ જવાબદારીઓ વધે આપણને કહેનાર, રોકટોક કરનાર કોઈ ન હોય છતાં કંઈ અધૂરપ લાગે, ઓછું લાગે, એકલું એકલું લાગે. સુખસગવડ વિવિધ મનોરંજનના સાધનોની ભરમાર હોય તે છતાં કંઈક ખૂટતું લાગે. આપણું પોતાનું એક જ સંતાન હોય, તેના લાડકોડમાં કોઈ કમી ન વર્તાવતા હોઈએ તો પણ તેને આપણે આપેલ સુખ સામે આપણે બાળપણમાં વીતાવેલ સમય ઘીકતો. ધમધમતો લાગે. વૈભવશાળી લાગે. આજના બાળકોને આપેલ મોર્ડન રમકડાં, ઈમ્પોર્ટેડ રીમોટ સંચાલિત રમકડાંને ક્યાં આપણા માટીના, પુંઠાના, કાગળ-કાર્ડબોર્ડના રમકડા. ક્યાં આજની મલ્ટી કલરથી આકાશને અજવાળતી આંતશબાજી કરતાં ફટાકાને ક્યાં ફૂલઝડી, ચાંદલાને પોટાશ અને જરી કાગળને વીંટાળી થતા ધડાકા.

કેવા હતા એ બાળપણના દિવસો કેટલી ધમાલ મસ્તી, તોફાન કરવામાં આજાણે વય વિતી જતી. નિર્દોષ નખિલસ અને સાલસ બાળપણ સામે આજનું ભણતર-ટ્યુશન કલાસીસના બોજમાં વિતતું બાળપણ. કલાસમાં શિક્ષકો સજા કરતાં તે સજામાં મજા લેવાની ચાહત હતી. ત્યારે શિક્ષકો નિબંધ લખાવતા મો'ટા થઈને શું બનશો ? તેના જવાબમાં જે સ્વપ્ન આવે તે લખી કાઢતા. એ સામે શું બની શકાયું ? પણ હવે જો કોઈ પૂછે તમને શું થવું ગમે? તો જવાબ એક જ હોય બાળક થવું ગમે, કાળી પાટીમાં માટીની પેનથી લખવાની મજા અને એ પાટીની પેન ખાવાની મજા પણ કંઈ અલગ આવતી હતી.

અગાઉનું બાળપણ બિન્દાસ બેધડક અને વડીલોની કાળજી વગરનું હતુ. એકલા જવું આવવું. સ્કૂલથી આવી બિંદાસ દફતર ફેંકી શેરીમાં રમવા જવું. આ બધામાં ભણતરનો બોજ ન હતો ન પરીક્ષાનો હાઉ ન આટલા ટકા આવે એવો માતા-પિતાનો આગ્રહ. એની સરખામણીમાં આજનો વિદ્યાર્થી ભણતરના બોજથી બેવડો વળી ગયેલો, સારા માર્કસની અપેક્ષા ઉઠાવતો અને અંગ્રેજી ભાષાના ભણતરના ભાર લાદેલો મજૂર બની ગયો છે. એક માત્ર સંતાનને લીધે સગવડ સાધન ઘણા મેળવે છે. પણ સાથ-સંગાથ કે સોબતથી અળગો રહી ગયો છે. દ્વારકાનો નાથ કૃષ્ણ પોતાના બાલસખા સુદામાને મળવા ઉઘાડા પગે મહેલના દરવાજે દોડ મૂકે છે. ને બાળપણની વાતો સંભારે છે.

-જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજન દ્વારા વેબિનારનું આયોજન

કોરોના વાયરસના પ્રકોપને પહોંચી વળવા માટે આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિવિધ આગમચેતીના પગલા લીધા છે સાથે સાથે બે અલગ અલગ તબક્કામાં સમગ્ર ભારત દેશમાં લોકડાઉનો જાહેર કર્યા છે તે છતા પણ આ મહામારી કન્ટ્રોલમાં ન આવતા આગળના ભવિષ્યમાં આપણે આર્થિક અને માનસિક રીતે ઘણા પછાત થઈ જશું આ વાતને ધ્યાનમાં લઈ સમસ્ત મહાજનના ટ્રસ્ટી રાજેશભાઈ મોમાયા જેઓ બીટુબી સમિતિના ચેરમેન છે તથા તેમની ટીમને આ સમયે એક વેબિનારનું તબક્કાવાર અલગ અલગ વિષયો ઉપર ઝુમ નેટવર્ક દ્વારા જ્ઞાતિજનોને સારામાં સારી માહિતી પહોંચાડવાનું બીડુ ઝડપ્યું છે તે માટે તેમણે વિવિધ વિષયો પણ નક્કી કર્યા છે તે માટે જ્ઞાતિજનોને એક અપીલ કરેલ છે કે આ કપરા કાળમાં વેપાર અને વિનીમયને લગતા કોઈપણ સુઝાવ હોય તો આવકાર્ય છે આપ ક્યારે પણ મારો સંપર્ક સાધી શકો છો જેથી આપના સુઝાવને ધ્યાનમાં રાખી અમારી બીટુબી તેની ઉપર વર્ક કરી અને જ્ઞાતિની સેવા કરી શકે. હાલના તબક્કે જે વિષયો નક્કી થયા છે તે આ પ્રમાણે છે.

જેમાં પ્રથમ વિષય (1) Date : 19th April 2020 - Business Opportunities After Lockdown by Mr.Dilipkumar Nagda at 8 pm (2) Date : 21st April 2020 - Is this the end of the bull market or is it opportunity of a lifetime by Ravi Dharamshi at 4 pm (3) Big boom on Insurance structure post lockdown (4) Transportation and E-Commerce (5) Digital Marketing

(6) Banking Sector - Advantages / Opportunities post lockdown

**SAMAST MAHAJAN B2B COMMITTEE**

**is inviting you to a scheduled Zoom Webinar**

**More Inquiry Contact - Nimesh Dhulla - 9375114494, Pratik Mota - 9884899494**

**You can join this seminar through Zoom app**

# સ્વરોજ સમિતિ દ્વારા ઐતિહાસિક પહેલ સાથે વેબિનાર

સમસ્ત મહાજન કેડીઓ સ્વરોજ ટીમ અને કેડીઓ મહિલા સશક્તિકરણ સમિતિ, કેડીઓ સમાજના મહાજન તમને કોવીડ-૧૯ના આ સૌથી મોટા રોગચાળા દરમિયાન હાથ મિલાવવા અને માનવતાને તમામ શક્ય રીતે મદદ કરવા આમંત્રણ આપે છે. જો તમે કોવિડ-૧૯ રોગચાળો લડવા માટે માસ્ક બનાવી શકો છો, તો આપણી આજુબાજુમાં હજારો લોકો છે જેને માસ્કની જરૂર છે અને તે માસ્ક મેળવવા માટે સમર્થ નથી અને કેટલાકને પોસાય તેમ નથી. કેડીઓ સ્વરોજ આ હેતુ માટે જાતે કમિટ કરે છે અને જથ્થાબંધ જથ્થામાં માસ્કનું ઉત્પાદન અને સપ્લાય કરીને (૫૦૦ અથવા ૧૦૦૦ માસ્ક) આ ચળવળનો ભાગ બનવા આમંત્રણ આપે છે. અગર જો તમારી પાસે સિલાઇ કરવાની કુશળતા છે, તો અમે તમને આવકની ચેનલ બનાવવા અને માસ્ક બનાવવા માટેની તક મેળવવા મદદ કરશુ.

કેડીઓ સ્વરોજ એવા દાતાઓને આમંત્રણ આપે છે જે બધા માસ્કનો ખર્ચ ઉપાડી શકે. તેથી જો તમને લાગે કે તમે આ હેતુ માટે ફાળો આપી શકો છો, તો આ રકમ સીધી તમે આવા લોકો માટે ચૂકવણી કરી શકો છો જેઓ માસ્કનું ઉત્પાદન અને સપ્લાય કરે છે અને સમગ્ર સમુદાયને મદદ કરી શકો છો અને જો તમે સમાજમાં ફાળો આપવા માંગતા હો, તો આ હેતુ માટે અમારા દાતાઓ બનો અને અન્ય મહિલાઓને આજીવિકા માટે મદદ કરો.

કેવી રીતે આ ચળવળના ભાગ બની શકો છો તે વિશે વધુ જાણવા માટે, ૨૩ મી એપ્રિલ ૨૦૨૦ ના રોજ બપોરે ૪.૦૦ વાગ્યાથી સાંજે ૫.૩૦ વાગ્યાની સુનિશ્ચિત અમારા ઝુમ નેટવર્ક - વેબિનાર પર જોડાઓ.

સ્વરોજ ટીમ દ્વારા માસ્કની ગુણવત્તા પર નજર રાખવામાં આવશે. વેબિનાર દરમિયાન અન્ય શરતો સમજાવવામાં આવશે. કોઈપણ પ્રશ્નો માટે સંપર્ક કરો એડ મીનલ ખોના

- અધ્યક્ષ કે.ડી.ઓ. સ્વરોજ ટીમ

# જ્ઞાતિના યુવાનો દ્વારા કોરોના વાયરસની લડત માટે સંદેશ




| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કોરોના વાયરસ સામે લડવા માટે સ્યોર સેફ્ટી કંપની દ્વારા ઐતિહાસિક શરૂઆત




વર્તમાન સમયમાં જ્યારે કોરોના મહામારી ભારત સહિત વિશ્વભરમાં કાળો કેર વર્તાવી રહી છે ત્યારે આ જંગમાં ફ્રન્ટલાઈન પર રહીને લડતા ડોક્ટર્સ, નર્સીસ, પોલીસ તંત્ર, સફાઈ કર્મચારીઓ ઇત્યાદિને આ રોગના ચેપથી બચાવવા પર્સનલ પ્રોટેક્શન ઈક્વીપમેન્ટ (પીપીઈ)ની અછત વર્તાઈ રહી છે જેને લીધે અનેક ફ્રન્ટલાઈન યોધ્ધાઓ કોરોનાની ચપેટમાં આવી ગયા છે.

Sure Safety
Complete Safety Solutions

કોરોના સામેનો જંગ જીતવા અતિ મહત્વના પીપીઈના ઉત્પાદન માટે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ને ૨૦૧૫માં પ્રથમવાર ભારતમાં નિર્મિત સ્પેસ સુટ પૂરા પાડનાર નિશીથ દંડની કંપની સ્યોર સેફ્ટીએ વડોદરા ખાતે ૨૦૦ કરોડના ખર્ચે 'ગ્લોબલ સેફ્ટી સેન્ટર' ઉભારવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ પ્રોજેક્ટ ફક્ત કોરોના માટે જ નહીં, પરતું ભવિષ્યમાં આવનારી મહામારીઓ, કેમિકલ હઝાર્ડસ અને કુદરતી આફતોનો સામનો કરી શકે એવા પર્સનલ સેફ્ટી ઇકવીપમેન્ટસનું ઉત્પાદન કરશે.




Saviour Series 2 Clear Safety Eyewear



# કોરોના વાયરસ સામે લડવા માટે સ્યોર સેફ્ટી કંપની દ્વારા ઐતિહાસિક શરૂઆત





Respirex Gas Tight Suit

વડોદરા સ્થિત સ્યોર સેફ્ટી એ ભારતીય ઉત્પાદકોમાની પ્રથમ કંપની છે જેને ભારત સરકારે તાજેતરમાં કોવીડ-૧૯ માટે પીપીઈ અથવા કવર-ઓલ કીટ્સના ઉત્પાદનનું કાર્ય સોંપ્યું છે. અત્યાર સુધી આ કંપનીએ યુનિયન હેલ્થ મિનિસ્ટ્રી, ડીફેન્સ મિનિસ્ટ્રી અને ગુજરાત સરકારને ૬૦,૦૦૦ પીપીઈ કીટ્સની ડીલીવરી કરી છે.

કોવીડની મહામારી પહેલાં ભારત પીપીઈ કીટ્સ માટે વિદેશની કંપનીઓ ઉપર આધાર રાખતું હતું. છેલ્લા દોઢેક મહિનામાં સંજોગો બદલાઈ ગયા છે અને હવે સ્યોર સેફ્ટી જેવી ભારતીય કંપનીઓ પણ ચેપથી શરીરનું રક્ષણ કરવા પહેરી શકાય તેવા સેફ્ટી સુટ્સ, માસ્ક, સેફ્ટી હેલ્મેટ, આંખના રક્ષણ માટેના સાધનો, ગ્લવ્ઝ અને હાઈ-વીઝીબીલીટી કલોધિંગ આઈટેમ્સનું ઉત્પાદન કરી રહી છે.

નિશીથ દંડની કંપની અત્યારે ઉભી થયેલી પીપીઈ કીટ્સની વધી રહેલી માગને પહોંચી વળવા રૂ. ૫૦-૬૦ કરોડના ખર્ચે હાલની ઉત્પાદન ક્ષમતાને ત્રણ ગણી વધારવા માગે છે. આ ઉપરાંત કંપનીએ એક વારંવાર વાપરી શકાય તેવી (રી-યુઝેબલ) પીપીઈ કીટ ડીઝાઈન કરી છે અને તેનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવા તૈયાર છે. આ રી-યુઝેબલ કીટના ઉપયોગથી હાલમાં વપરાતી સિંગલ યુઝ કીટને લીધે ઉભા થતા બાયોમેડીકલ વેસ્ટના પડકારને પણ પહોંચી વળાશે.

આ અંગે વધુ માહિતી આપતાં સ્યોર સેફ્ટીના મેનેજીગ ડીરેક્ટર અને સ્થાપક નિશીથ દંડ જણાવે છે કે, અમે સંશોધન દ્વારા કદાચ ભારતની પ્રથમ રી-યુઝેબલ પીપીઈ કીટ બનાવી છે. યુરોપ અને યુએસમાં અમુક કંપનીઓએ જ થોડા સમય પહેલાં આવી કીટ બનાવવાની શરૂઆત કરી છે. અત્યારે વપરાતી કીટ્સને લીધે ઉત્પન્ન થતો કચરો (બાયોમેડિકલ વેસ્ટ) ખૂબ જોખમી છે. અમે 'એર ફિલ ટેકનોલોજી'નો ઉપયોગ કરીને આ નવી કીટ બનાવી છે અને આશા છે ટૂંક સમયમાં જ વડોદરાની એક હોસ્પિટલમાં એને સપ્લાય કરી શકીશું.

૨૦૦૪માં સેફ્ટી સોલ્યુશન્સ પ્રોવાઈડર તરીકે સ્થાપિત થયેલી સ્યોર સેફ્ટી કંપની આજે વાર્ષિક રૂ.૮૦ કરોડના ટર્ન ઓવર પર પહોંચી ગઈ છે. હાલમાં કંપનીની ઉત્પાદન ક્ષમતા માસિક ૬૦,૦૦૦ પીપીઈ કીટ્સની છે જે ટૂંક સમયમાં ૧.૮ લાખ સુધી વધારવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ગ્લોબલ સેફ્ટી સેન્ટર અંગે વાત કરતાં નિશીથભાઈ જણાવે છે કે, અત્યારે વિશ્વભરમાં ફેલાયેલી આ મહામારીના ફેલાવાની ઝડપ અને તેની અસરો જોતાં ગ્લોબલ સેફ્ટી સેન્ટર એ હાલના સમયની માંગ છે. દર બે વર્ષે વિશ્વમાં કોઈને કોઈ મહામારી ફેલાય છે. સૌ પ્રથમ બર્ડ ફ્લુ, પછી સાર્સ, ત્યારબાદ ઈબોલા,ઝીકા અને હવે કોવીડ. ભવિષ્યમાં આવનારા રોગચાળા સામે લડવાની અત્યારથી જ તૈયારી કરવા ગ્લોબલ સેફ્ટી સેન્ટર જેવા પ્રોજેક્ટ્સ શરૂ કરવા ખૂબ જરૂરી છે.

# KDO WARRIORS AGAINST COVID-19

# કચ્છમાં લોકડાઉન દરમ્યાન માનવજ્યોત દ્વારા લોકસેવા





માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ ભુજમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાઈ છે. માનવજ્યોતની પૂરી ટીમ તથા ૭ વાહનો લોકડાઉનમાં પણ લોકોને મદદરૂપ બની રહ્યાં છે.

● એકલા-અટુલા-નિરાધાર ૧૦૦ વડીલ વૃદ્ધોને દરરોજ ટીફિન દ્વારા તેમના ઘર સુધી ભોજન પહોંચાડવામાં આવી રહેલ છે.

● ભુજની જુદી-જુદી હોસ્પિટલમાં દાખલ દર્દીઓ તથા તેમની સાથેના તેમના સગાસંબંધીઓને હોસ્પિટલો સુધી નિઃશુલ્ક ટીફિન દ્વારા ભોજન પહોંચાડાય છે.



● લોકડાઉનથી કચ્છમાં રખડી-ભટકી પડેલા અને માર્ગોમાં પડ્યા-પાથર્યા માનસિક દિવ્યાંગો જ્યાં થંભી ગયા હતા. ત્યાંથી લઈ તેમને માનવજ્યોત-ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે આશ્રય આપવામાં આવેલ છે. હાલે આશ્રમમાં ૪૭ માનસિક દિવ્યાંગો છે.

● માનવજ્યોતની સીટી એમ્બ્યુલન્સ સેવા અનેક લોકોને ઉપયોગી નીવડી છે. દર્દીઓને ઘરથી હોસ્પીટલ અને હોસ્પિટલથી ઘરે પહોંચાડવામાં મદદરૂપ બની છે.

● ભુજ શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં ભૂંગા-ઝુંપડા, કાચા મકાનોમાં રહેતા અનેક જરૂરતમંદ પરિવારોને ૧૦ વસ્તુઓ સાથેની ૧૦ દિવસ ચાલે તેવી રાશનકીટ આપવામાં આવી છે. અત્યાર સુધીમં ૪૮૭૬ પરિવારોને આ રાશનકીટ જુદા-જુદા દાતાશ્રીઓના સહકારથી આપવામાં આવી છે. જરૂરતમંદ દરેક પરિવારનાં ઘર સુધી આ કીટો પહોંચાડવામાં આવી છે.

● અત્યાર સુધીમાં ૭ હજારથી વધુ માસ્ક જરૂરતમંદ લોકોને વિતરણ કરવામાં આવ્યા છે.

● દરરોજ જુદા-જુદા વિસ્તારોમાં જઈ તાજા શાકભાજી દુધી, ટમેટા, કોબી, ફૂલાવર, કાકડીનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં જીલ્લા સરકારી વહીવટી તંત્ર તથા કચ્છ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ભુજનો સાથ અને સહકાર મળી રહ્યો છે.

# KDO WARRIORS AGAINST COVID-19

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ દ્વારા સ્લમ વિસ્તારમાં સતત રેડી ટુ ઈટ પેકેટ વિતરણ આપવાનું ચાલુ





સતત ૧૬મા દિવસે તા.૧૬ એપ્રિલના દિવસે ઉત્તર પૂર્વ વિસ્તારના સ્થાનિક સંસદસભ્ય મનોજભાઈ કોટકના સાથ સહયોગ અને પ્રેરણાથી તથા ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના મનોજભાઈ લોડાયા, ચીમનભાઈ નાગડા, વિપુલ લોડાયા, કમલેશ મૈશેરી, પરેશ ગોસર, પંકજ પોલડીયા, મધુકર લોડાયા, વિપુલ પોલડીયા, રાજેશ મૈશેરી, ભાવિન લોડાયા, દિનેશ મૈશેરી, તારક પટેલ જેવા બીજા સક્રિય અને કર્મઠ કાર્યકરો અને ભાંડુપ ભાજપના ચૈતન્ય જૈન સંગે કાર્યકર્તાઓની ટીમ ભાંડુપના સ્લમ એરિયામાં રેડી ટુ ઈટ ફુડ પેકેટ તૈયાર કરીને સવારે ૨,૦૦૦ અને સાંજે ૨,૦૦૦ મળી રોજે રોજ ૪,૦૦૦ પેકેટનું વિતરણ કરવામાં આવે છે.

છેલ્લા ૧૬ દિવસથી બધાજ જૈનોને અંદાજે ૫૦,૦૦૦ થી વધુ જૈન ફુડ પેકેટ ખવડાવવામાં આવે છે અને એ ભાંડુપ સંઘ માટે ગૌરવની વાત છે. આટલા દિવસો દરમ્યાન તો સંઘે સહુને જૈન બનાવી દીધા. આ સૌ શ્રી આદિનાથ દાદાની દયાથી થઈ શક્યું છે.

## કેડીઓ દિવ્યાંગ દ્વારા સમાજસેવા



કેડીઓ જ્ઞાતિના નિલેશ હિરાચંદ લોડાયા (બાંઢીયા) હાલ નવી મુંબઈ, દિવ્યાંગ થઈને સમાજસેવાની ઈચ્છા ધરાવતા તેમણે પોતાના હાથે સિલાઈ મશીન પર બેસી ૧૦૦ જેટલા માસ્ક બનાવી ડોનેટ કર્યા એવા ઉચ્ચ વિચાર સાથે તેઓ હજી પણ વધુ માસ્ક બનાવીને ડોનેટનું કાર્ય ચાલુ રાખેલ છે.

# KDO WARRIORS AGAINST COVID-19

## ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના શ્રમ સેવા કરતા યુવા કાર્યકરો





ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના બે યુવા શ્રમ સેવા કાર્યકરો ભાવિન લોડાયા અને વિનિત ફુરીયા બે રાઉન્ડ અનાજ ભરી આવેલા ટેમ્પોને અનલોડીંગ કરાવવા પોતે જાતે ટેમ્પો ઉપર રહીને અનાજ બાચકા મજૂરોને માથે આપયા હતા.

કોરોના સંકટ પરિસ્થિતિમાં માથાડી મજૂરો પણ કામ પર ન આવતા હોવાથી મજૂરોની અછતનો ઓછાયો સેવાકાર્ય પર ન લાગે એ માટે મહેનતનું કામ ધાન્યની ગૃણીઓ ટેમ્પોમાંથી ખેંચીને મજૂરોના માથે મૂકતા હતા.

સર્વધર્મના જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટ ફીડીંગ ઈન્ડિયા સંસ્થા દ્વારા ભાંડુપ જૈન સંઘના કાર્યકર્તાઓ સાથે મળીને વિતરણ કરી રહ્યાં છે. ભાવિનભાઈ લોડાયાના સેવા સર્જાપિત ભાવની નોંધ લઈ આ સંસ્થાઓ કીટ મોકલાવી છે. જે ખરેખર અનુમોદનીય.

## ક.દ.ઓ. જૈન જખૌ મહાજન દ્વારા આર્થિક સહાય ચાલુ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જખૌ મહાજન દ્વારા સાધર્મિક કેર ફંડમાંથી સહાયતા માટે આવેલ બધી અરજીઓના અરજી કર્તાઓને રૂા. ૧૫૦૦/-અપાઈ ગયા છે. સૌ અતિજરૂરિયાતમંદ ભાઈઓને વિનંતી કે વિના સંકોચ મહાજન કે ટ્રસ્ટના કોઈપણ સભ્યનો સંપર્ક કરી તમારુ નામ, સરનામું, વસ્તીપત્રક નંબર, મોબાઈલ નંબર અને બેંક ખાતાની માહિતી આપવી તો સહાયતાની રકમ તુરત પહોંચતી કરી શકાય.

લાભાર્થીનું નામ ગુપ્ત રાખવામાં આવશે. આ અતિકપરા કાળમાં તમે એકલા નથી. ક.દ.ઓ. જૈન જખૌ મહાજન આપની સાથે છે. બધા સખી દિલ દાતાઓનો હૃદયપૂર્વકનો આભાર જેમણે ખરે વખતે મદદનો સ્રોત ખુટવા દીધો નથી.

આ માહિતી ક.દ.ઓ. જૈન જખૌ મહાજન વતી સેક્રેટરીઓ જયંતિભાઈ દેવશી મૈશેરી મોનં. ૯૮૧૯૭૪૮૨૫૦ તથી ચાંપશીભાઈ ડુંગરશી હેફા મોનં. ૯૮૨૦૬૫૯૮૦૯ દ્વારા અપાઈ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સિંધોડી મોટી મહાજન ટ્રસ્ટ દ્વારા આર્થિક સહાય

ક.દ.ઓ. જૈન સિંધોડી મોટી મહાજન ટ્રસ્ટ દ્વારા સાધર્મિક ક.દ.ઓ જૈન ગામવાસીઓને સાધાર્મિક કેર ફંડમાંથી કોરોના વાયરસથી સર્જાયેલી કપરી પરિસ્થિતિમાં સહાયતા માટે આવેલ બધી અરજીઓને પ્રત્યેકને રૂા.૫૦૦૦ હજાર પહોંચી ગયેલ છે. હજી પણ અગર જો કોઈ રહી ગયુ હોય તો તેઓ મહાજનના પદાધિકારીઓનો સંપર્ક સાધે.

# સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા ઈન્ટાગ્રામ પર વીડિયો રીલીઝ કરી દેશના રીયલ હીરોને સેલ્યુટ કરાઈ




હાલની લોકડાઉન પરિસ્થિતિમાં પોતપોતાના ઘરમાં સ્ટે હોમ સ્ટે સેફના મંત્રને દેશની સેવા ગણતા સર્વે નાગરિકો એ ખાસ કરી યુવા પેઢીને માટે મનોરંજક ઉપયોગી અને યુવા પેઢીની ભાવનાને પ્રતિસાદ આપતાં ઈન્સ્ટાગ્રામ પર શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની યુવા સમિતિ દ્વારા આર્ટ, કૂકીંગ, હેલ્થ અને મ્યુઝિકના વિવિધ વિડીયો કલીપ રીલીઝ કરાતા રહ્યાં છે.

આ શ્રૃંખલાને આગળ વધારતા વધુ એક વિડીયો કલીપ જે દેશના રીયલ હીરોને સેલ્યુટ કરતાં કેસરી ફિલ્મના ગીત 'તેરી મિટ્ટી મેં મિલ જાવા...' એ મેરી જમી અફસોસ નહી જો તેરેલીએ સો દર્દ સહે મહેફૂઝ રહે તેરી આન સદા. જેવા સદાય એવરગ્રીન એવા ગીતની રજૂઆત અદિતી શાહ મ્યુઝિક દ્વારા ગુંજલ શાહનો ૧.૩૮ મિનિટનો આ વિડીયો સાંભળનારને દેશભક્તિના રંગમાં રંગી દેશે. આ વીડિયો જોવાની લીંક છે. https://www.instagram.com/tv/B-4nqk3HBRh/?igshid=1ikv5yefdwfnc

---

# કે.ડી.ઓ. જ્ઞાતિની કોકિલ કંઠી ગાયિકા અંજુ લહેરચંદ નાગડા






કે.ડી.ઓ. કલાકાર ગ્રુપમાં વિષયગત રૂચિ ધરાવતા આર્ટિસ્ટ, મ્યુઝિશિયન સિંગર વિગેરે ભવિષ્યના ઉજ્જવળ કલાકારો જોડાયેલા છે. શોખથી અને ઝળહળતા બહુરત્ન કલાકારો એક સાથે સંકળાયેલા છે.

આવા જ એક કલાકાર બાળપણથી ગાયિકીના શોખ ધરાવતા અને એકલવ્ય દ્રષ્ટિથી આપબળે આગળ આવેલા મહારાષ્ટ્રના યવતમાલના ૬૦ વર્ષીય અંજુબેન લહેરચંદ નાગડા (મો.નં.૮૮૮૮૦૯૮૯૯૮) ક.દ.ઓ. જ્ઞાતિના કોકિલ કંઠ ધરાવતા ગાયિકા વિવિધ મંચ ઉપરથી પોતાની કલાથી શ્રોતાઓને રીઝવે છે.

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ-લાલપુર ખાતે ધ્વજારોહણ સંપન્ન







દર વર્ષે લાલપુર ખાતે ઉજવાતો ચૈત્રી પુનમનો ધ્વજામહોત્સવ આ વર્ષે લોકડાઉન અને ભારત સરકાર દ્વાર મનાઈ ફરમાવેલ હોવાથી આપણા ટ્રસ્ટે આ ધ્વજામહોત્સવ કાર્યક્રમ રદ્દ કરેલ છે. ભારત સરકારની ગાઈડલાઈન પ્રમાણે ગામના સરપંચ શ્રી સમીરભાઈના હસ્તે આ ધ્વજા વિધિસર ચડાવવામાં આવી હતી. બાકીના દરેકે દરેક કાર્યક્રમો રદ્દ કરવામાં આવેલ. આ વર્ષે ગંભારાનો લાભ કિયાન્સ અંકિત લોડાયાને આપવામાં આવ્યો હતો.

---

શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ

## રંગપુર ૩૧મો ધ્વજારોહણ મહોત્સવ

**તા. ૧-૨-૩ મે, ૨૦૨૦**

- આપ સૌ રંગપુરવાસી જ્ઞાતિજનોને સુવિદિત છે તેમ રંગપુર નગરે ૩૧મો શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયની ધ્વજાનો ત્રિદ્વાન્હિકા મહોત્સવ તા. ૧-૨-૩ મે, ૨૦૨૦ના નિરધાર્યો હતો.
- આ વર્ષે કોરોના વાયરસની મહામારીના કારણે લોકડાઉન ૩ મે, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. ટ્રેન વ્યવહાર ૩ મે સુધી બંધ છે.
- લાભાર્થી પરિવાર કે અન્ય જ્ઞાતિજનો મુંબઈ કે બહારગામ થી રંગપુર જઈ શકશે નહિં તેથી કાર્યક્રમ રદ્દ કરાયેલ છે.
- વૈશાખ સુદ ૧૧ને રવિવાર, તા. ૩ મે, ૨૦૨૦ના જિનાલય પર નવી ધ્વજાઓ શ્રી રંગપુર સંઘ વતી સ્થાનીક મહાજનના હાજર સભ્યો દ્વારા ચડાવવામાં આવશે.
- આપ સૌ કુશળ મંગલ હશો અને આ કપરા સમયે સંયમ, ધીરજ અને ધૈર્ય રાખજો.

લી.

શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી

શ્રી પંકજ કેશવજી પરમશી - પ્રમુખ ટ્રસ્ટી

---


**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station. Above E.H.kathawala

Call : 9820431717 / 9920641717

Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# પ્રખ્યાત તબીબી ડો. રાજેન્દ્ર કુરૂવાનું દુઃખદ નિધન



**આપની સેવાઓની જ્ઞાતિ સદા રૂણી રહેશે.**

કહેવાય છે કે કુટુંબના મોભીનું અવસાન થાય ત્યારે એક કુટુંબ અસહાયતા અનુભવે છે પરંતુ જ્યારે એક ડોક્ટરનું અવસાન થાય છે ત્યારે તેના સેવાક્ષેત્રમાં આવતો આખો સમાજ અસહાયતા અનુભવે છે. એવી જ અસહાયતા સાથે ઘેરા શોકની લાગણી મુલુંડ-ભાંડુપના અનેક લોકોએ અનુભવી જ્યારે તેમણે ડો. રાજેન્દ્ર મણિલાલ કુરવાના નિધનના સમાચાર જાણ્યા.

ડો. રાજેન્દ્ર મણિલાલ કુરવાનું સોમવાર, તા. ૧૩ એપ્રિલના સવારના ૯ કલાકે મુલુંડ ખાતે કેન્સર રોગથી લાંબી અને હિંમતભરી લડાઈ લડ્યા બાદ દુ:ખદ અવસાન થયું. તેમને છેલ્લા બે વર્ષથી પ્રથમ પેટ(સ્ટમક) પછી બોન લંગ્સમાં પ્રસરી ગયું હતું. જે છેલ્લા ૧ મહિનાથી સંપૂર્ણ શરીરમાં ફેલાઈ ગયું હતું.

ડો. રાજેન્દ્ર મણિલાલ કુરવા છેલ્લા ૩૦ વર્ષથી મુલુંડ-ભાંડુપની જનતાના અને ખાસ કરીને કેડીઓ કમ્યુનિટીના જાણીતા અને માનીતા ફિઝીશીયન હતા. ડો. રાજેન્દ્ર મણિલાલ કુરવાએ તેમની તબીબી કારકિર્દીની શરૂઆત મુલુંડની પ્રગતિ હોસ્પિટલ અને માલિની હોસ્પિટલથી કરી હતી. છેલ્લા ૨૦ વર્ષથી તેઓ ભાંડુપમાં સંજીવન હોસ્પિટલમાં પ્રાઈવેટ પ્રેક્ટીસ કરતા હતા અને ભાંડુપમાં એક પ્રતિષ્ઠિત ડોક્ટર તરીકેની છાપ ઉભી કરી હતી.

ભાંડુપ અને મુલુંડની જનતા એવું જ માનીતી હતી કે આપણી ટ્રીટમેન્ટ ડો. રાજેન્દ્ર કુરૂવા પાસે જ કરાવી અને જ્યારે ડો. કુરૂવા સાહેબ તેમની ટ્રીટમેન્ટ શરૂ કરતા ત્યારે તે દર્દીને રૂષ્ટપુષ્ટ કરીને જ સંતોષ લેતા.ડો. રાજેન્દ્ર મણિલાલ કુરવાના અવસાનથી સમગ્ર મુલુંડ અને ભાંડુપમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. વિશેષમાં તેમણે જે રીતે કેન્સર રોગનો હિંમતપૂર્વક સામનો કર્યો તેને લીધે ડોક્ટર વર્તુળમાં એક લડવૈયા તરીકેની છાપ છોડી ગયા છે.

તેમના સુશિક્ષિત પરિવારમાં પત્ની ડો. મંજુષા સ્કીન સ્પેશિયાલિસ્ટ, પુત્ર ડો. દેવેન ઓર્થોપેડિક સર્જ્યન, પુત્રવધૂ સમૃદ્ધિ ઓપ્થેલ્મોલોજિસ્ટ અને નાનો પુત્ર અનુજ એન્જીનીઅર છે. તેમના માતુશ્રી હંસાબેન એસએમપીએસ સ્કૂલમાં શિક્ષિકા હતા.

ડો. કુરૂવાના કુટુંબીજનોએ જણાવ્યું છે કે હાલ પ્રવર્તતી કોરોનાની પરિસ્થિતિને લીધે કોઈ પણ નાગરિકએ આવવાની તસ્દી લેવી નહી. તેમના આત્માની શાંતિ અર્થે પ્રભુ સ્મરણ કરવું.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ખામગામ સંઘમાં અબોલ પશુ-પક્ષીઓની સેવાનો યજ્ઞ

જે જીવદયાનું ધ્યેય રાખે છે. એ જ મોક્ષની પ્રાપ્તિ કરશે એ સૂત્રને ચરિતાર્થ કરતા કાર્ય ખામગામ સંઘમાં આજે લોકડાઉન પરિસ્થિતિમાં સર્જાયેલ વિકટ સમયમાં થઈ રહ્યાં છે. અચલગચ્છ સમુદાયના સાધ્વી ભગવંત પ.પૂ.વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ની પાવન નિશ્રામાં શ્રી જૈન વિહાર સેવાગ્રુપ ખામગામ, શ્રી જૈન એલર્ટગ્રુપ ખામગામ, શ્રી જૈન નવયુવક મંડળ ખામગામ તથા શ્રી ભારતીય જૈન સંઘટના ખામગામના સંયુક્ત ઉપક્રમે હાલે પ્રવર્તતા સંપૂર્ણ લોકડાઉનની સ્થિતિમાં જૈન પરિવારોનો એક મહત્વપૂર્ણ લક્ષ એ પ્રત્યે છે કે ખામગામ જૈનતીર્થમાં કોઈ મૂક પશુ-પક્ષી ભુખ્યું ન રહે. અબોલજીવ એવા ગાય, બળદ, કૂતરા ભૂખના માર્યા વલખા ન મારે એ સૌ જૈનોની ફરજ છે.

આ જીવદયા પ્રોજેક્ટ તા. ૧૩ એપ્રિલથી શરૂ થયો છે. જે ૩૦ એપ્રિલ સુધી અથવા લોકડાઉન એના પછી પણ જ્યાં સુધી અમલી રહેશે તે સુધી આ પ્રોજેક્ટ અમલી રહેશે. આ પ્રોજેક્ટમાં નીચે મુજબ કેટેગરી પ્રમાણે લાભાર્થી થઈ શકાશે.

રજત સ્તંભ : રોજ રૂા. ૧૦માં ૩ રોટી દાન આપી શકાશે

સુર્વણ સ્તંભ : રોજ રૂા.૪૦માં ૧૨ રોટી દાન કરી શકાશે

રત્ન સ્તંભ : રોજ રૂા. ૧૦૦માં ૩૦ રોટી દાનમાં યોગદાન આપી શકાશે. આપશ્રી હિરાલાલભાઈ લોડાયાને મો.નં ૦૯૫૪૫૦૮૨૭૭૫ પર સંપર્ક કરી આપનું યોગદાન જણાવી દેવું, રોજ રોજ સવારે દસ વાગ્યા સુધી નોંધાયેલ યોગદાનના ઓર્ડર અક્ષયભાઈ વિકમશીને જણાવશે તે મુજબ દિવસભર પ્રોજેક્ટ સાથે સંકળાયેલા કાર્યકરો વધુમાં વધુ પશુઓને રોટી ખવડાવશે.

આ પ્રોજેક્ટનો કોઈ ફોટો પડાશે નહીં એટલે દાન લાભાર્થી એનો આગ્રહ ન રાખવો એટલો વિશ્વાસ રાખવો કે દાન રકમની રોટીઓ ફક્ત રસ્તા પર બેઠેલાં, રઝળતા પશુઓને જ ખવડાવાશે. વધુ વિગત જાણકારી માટે અક્ષયભાઈ વિકમશીનો મો.નં ૯૬૨૩૦૦૧૦૦૨ ઉપર સંપર્ક કરવો. આ પ્રોજેક્ટ માટે નોંધાવેલ યોગદાનની રકમ હિરાલાલભાઈ લોડાયાને આપવાની રહેશે. આ ઉપક્રમમાં સ્વ. અનિલકુમાર દામજી વિકમશીની તા. ૧૫ એપ્રિલના રોજ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પરિવાર દ્વારા લોકડાઉન નહીં ખુલશે ત્યાં સુધી રોજ ૩૦ રોટી અબોલ પશુઓને ખવડાવવા માટેનું યોગદાન જાહેર કરેલ છે. આ રત્નસ્તંભના પુણ્યશાળી લાભાર્થી વિકમશી પરિવારની ખૂબ અનુમોદના.

# ખાનદેશ રત્ના પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.ના દૈનિક વ્યાખ્યાન

ખાનદેશ રત્ના પ.પૂ.સા. જયર્દશીતાશ્રીજી મ.સા.ના માનનીય પ્રવચન દૈનિક વ્યાખ્યાન દરરોજ સવારના ૯ થી ૯.૩૦ કલાક સુધી ઝૂમ - ZOOM મિટીંગ એપ ઉપર રજૂ થશે. જે માટેની લીંક છે. https://us04web.zoom.us/j/755256904


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવાંજલિ



જન્મ
૦૨-૦૩-૧૯૬૪

અરિહંતશરણ
૧૩-૦૪-૨૦૨૦

# ડૉ.રાજેન્દ્ર મણિલાલ કુરૂવા


વ્હાલા ડૉક્ટર સાહેબ
તમારી અણધારી વિદાય વેળાએ
આપણી ૫૫ વર્ષના સંબંધોની અખૂટ યાદો
જીવનના સંઘર્ષમાં એકબીજા સાથે ખભે ખભા મિલાવીને
મેળવેલી સફળતાની ગાથાઓ
આપણી એકબીજાના ભાઈ સમાન ભાઈબંધી અને દિલોજાન સંસ્મરણો
અમારા સ્મૃતિપટ પરથી ક્યારેય વિસરાશે તો નહીં જ
પણ અમારા જીવનનું અમુલ્ય સંભારણું બની જીવનપથને અજવાળતી રહેશે.

**પરમકૃપાળુ પરમાત્મા તારા પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એવી હૃદયપૂર્વક પ્રાર્થના.**

શોકાતુર

## માતુશ્રી લક્ષ્મીબેન વિસનજી હિરજી છેડા પરિવાર

# ક.દ.ઓ. જ્ઞાતિના અદ્ભૂત મૂર્તિકાર યવતમાલના કલ્પેશ કીર્તિકુમાર નાગડા










ક.દ.ઓ. કલાકાર વોટ્સઅપ ગ્રુપ એક એવો સ્પેશ્યાલિસ્ટ ગ્રુપ છે. જે ક.દ.ઓ. જ્ઞાતિના વિવિધ આર્ટિસ્ટ સિંગર, મ્યુઝિશિયન વિગેરેને સાંકળે છે. આ ગ્રુપમાં બહુરત્ના કે.ડી.ઓ. જ્ઞાતિના અદભૂતરત્નો જોડાયેલા છે. એક્ષપર્ટ અને અનુભવી કલાકારો નવોદિત અને શિખાઉ આર્ટિસ્ટોને સલાહ માર્ગદર્શન માટે પણ સદૈવ તત્પર રહે છે. છેલ્લે અઢી દાયકાથી ૨૪ વર્ષથી યવતમાલમાં રહી પોતાની રીતે કલા શીખી તેને વિકસાવી છે એવા પ્રતિભાશાળી આર્ટિસ્ટ યવતમાલના ૪૧ વર્ષીય કલ્પેશ કીર્તિકુમાર નાગડા મોનં. ૯૩૨૬૧૮૨૨૪૪, ૯૮૫૦૬૩૬૫૫૨, અત્રે તેમની કલાના કેટલા નમૂના રજૂ કર્યા છે. જેને જોઈને દંગ રહી જવાશે એ નક્કી છે.

JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# મિત્રાંજલિ



જન્મ
૦૨-૦૩-૧૯૬૪

અરિહંતશરણ
૧૩-૦૪-૨૦૨૦

# ડૉ.રાજેન્દ્ર મણિલાલ કુરુવા

મિત્ર, શું કરું ફરિયાદ તને? ફરિયાદમાં પણ ફરી યાદ છે,
ફરી ફરી એ યાદ મિત્રની, એ જ અમારી ફરિયાદ છે.

**જીગરી દોસ્ત, મૈત્રીના મહાસાગરમાં તરતી આપણી ભાઈબંધીની નાવને અચાનક છોડી ગયો એની ફરિયાદ કરું કે તારી યાદોના સહારે જ જીવવાનું રહેશે એનું આશ્વાસન લઉં? તબીબીશાસ્ત્રના ઊંડા જ્ઞાનથી તેં સંઘર્ષ કરીને અપૂર્વ સફળતા મેળવી હોવા છતાં પાંચ દાયકા જૂની બાળપણની મિત્રતાને બરકરાર તો રાખી જ, પણ તેને આજીવન બળવત્તર બનાવી. તારો નમ્ર, હસમુખો સ્વભાવ અને જીવનના દરેક સારા-માઠા પ્રસંગે એકબીજાને આપેલા સાથની યાદો જ હવે શેષ જીવનનો સહારો બની રહેશે.**

**ઈશ્વર તારા આત્માને ચિર શાંતિ આપે એવી પ્રાર્થના.**

**લક્ષ્મી પ્રિન્ટ્સ • સુમંગલ પ્રિન્ટર્સ • પર્લ પ્રિન્ટ્સ**
**મધુરીબેન મણીલાલ વિસનજી મોમાયા પરિવાર**
**અમિતા ભરત લાલજી ઠક્કર પરિવાર**
**સોનાલી મારુતિ ભુજબળ પરિવાર**

# Wednesday Webinar Series by KDO CA Association

- Topic - Recent Developments in GST
- CA Raj Khona
- Wednesday, 22nd April 2020
- 5.00 p.m. to 6.30 p.m.
- **Link to join**

**https://www.gotomeet.me/Charvik/recent-developments-in-gst**

Access Code - 754-194-181

The webinar shall be conducted through "Go-To-meeting" app.

The webinar shall open for all professionals (CA/CS/CWA), tax/accounting practitioners and students from KDO community.

Important instructions for joining the webinar

- Participants are requested to download Go-To-Meeting app on their laptop/mobile from Play Store or via the link https://global.gotomeeting.com/install/754194181
- Please keep your audio and video on mute mode.
- We will have a Q&A session once the speaker's discussion is over.
- Participants can message their queries on the chat window.
- Please join the meeting on time to avoid technical difficulties.
- For clear audibility, attach earphone/headphone to your Laptop/PC.

We look forward to active participation.

**With regards,**
**For KDO CA Association**
**Ghanshyam Lalka (President)**

# કચ્છમાં હાલે બિરાજમાન ગુરૂભગવંતોની યાદી

**કચ્છમાં હાલે ક્યા ક્યા સ્થળે ગુરૂભગવંતો બિરાજમાન છે તેની સૂચિ નીચે મુજબ છે.**

| મ.સા. | ઠાણા |
|---|---|
| પ.પૂ.સા.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરીશ્રીજી મ.સા. | - ૭ |
| પ.પૂ.મુનીરાજ શ્રી મલયસાગરજી મ.સા. | - ૨ |
| પ.પૂ.સા. વસંતપ્રભાશ્રીજી મ.સા. | - ૨ |
| પ.પૂ.સા. વિદ્યોદયશ્રીજી મ.સા. | - ૧ |
| પ.પૂ.સા. પૂર્ણાનંદશ્રીજી મ.સા. | - ૩ |
| પ.પૂ.સા. દેવગુણાશ્રીજી મ.સા. | - ૬ |
| પ.પૂ.સા. જયરેખાશ્રીજી મ.સા. | - ૧ |
| પ.પૂ.સા. જ્યોતિષપ્રભાશ્રીજી મ.સા. | - ૧ |
| પ.પૂ.સા. ધર્મકીર્તિશ્રીજી મ.સા. | - ૨ |
| પ.પૂ.સા. અક્ષયગુણાશ્રીજી મ.સા. | - ૬ |
| પ.પૂ.સા. ભાવપૂર્ણાશ્રીજી મ.સા. | - ૨ |
| પ.પૂ.સા. કલ્પરસાશ્રીજી મ.સા. | - ૩ |
| પ.પૂ.સા. કુમુદકિરણાશ્રીજી મ.સા. | - ૪ |
| પ.પૂ.સા. દિવ્યકિરણાશ્રીજી મ.સા. | - ૨ |
| પ.પૂ.સા. તિર્થપ્રભાશ્રીજી મ.સા. | - ૨ |
| પ.પૂ.સા. નમ્રગુણાશ્રીજી મ.સા. | - ૧ |
| પ.પૂ.સા. કોમલગીરાશ્રીજી મ.સા. | - ૨ |
| પ.પૂ.સા. કનકગુણાશ્રીજી મ.સા. | - ૫ |
| પ.પૂ.સા. આનંદકિરણાશ્રીજી મ.સા. | - ૧ |
| પ.પૂ.સા. કિરણકલાશ્રીજી મ.સા. | - ૧ |

તપાગચ્છીય ત્રિસ્તુકવાળા

રાજેન્દ્રસૂરિજી સંપ્રદાયના પ.પૂ.સા. મણીપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યાઓ ઠાણા-૫ અત્રે બિરાજમાન છે.

પ.પૂ.સા. અર્હમયશા શ્રીજી મ.સા.

પ.પૂ.સા.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્રીજી મ.સા. - ભુજ

પ.પૂ.મુનીરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. - ભુજ

પ.પૂ.મુનીરાજશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. - શીવમસ્તુ

પ.પૂ.સા. અમીતગુણાશ્રીજી મ.સા. - શીવમસ્તુ

પ.પૂ.સા. જ્યોતિકલાશ્રીજી મ.સા. - ભુજ

પ.પૂ.સા. કીર્તિલતાશ્રીજી મ.સા. - ભુજ

પ.પૂ.સા. રમ્યગુણાશ્રીજી મ.સા. (માત્રૃવંદના)- બિદડા

પ.પૂ.સા. અનંતગુણાશ્રીજી મ.સા. (માત્રૃવંદના)- બિદડા

પ.પૂ.સા. પાવનગુણાશ્રીજી મ.સા. (માત્રૃવંદના)- બિદડા

પ.પૂ.સા. પુનિતગુણાશ્રીજી મ.સા. (માત્રૃવંદના)- બિદડા

પ.પૂ.સા. હંસાવલીશ્રીજી મ.સા. - શેરડી

પ.પૂ.સા. અભયપૂર્ણાશ્રીજી મ.સા. - નવાવાસ

પ.પૂ.સા. કીર્તિષેણાશ્રીજી મ.સા. - નવાવાસ

પ.પૂ.સા. મહાયશાશ્રીજી મ.સા. - સુથરી

પ.પૂ.સા. જયપદ્મગુણાશ્રીજી મ.સા. (નેશનલ વાડી) - મેરાઉ

પ.પૂ.સા. મોક્ષદર્શનાશ્રીજી મ.સા. - નાના આસંબીયા

પ.પૂ.સા. જયધર્માશ્રીજી મ.સા. - ડુમરા

પ.પૂ.સા. કેવલ્યગુણાશ્રીજી મ.સા. - લાયજા

પ.પૂ.સા. જીતગુણાશ્રીજી મ.સા. - નરેડી

પ.પૂ.સા. પૂર્ણગુણાશ્રીજી મ.સા. - માંડવી

પ.પૂ.સા. આગમકિરણાશ્રીજી મ.સા. - માંડવી

પ.પૂ.સા. રત્નત્ર્યાશ્રીજી મ.સા. - કોટડા રોહા

પ.પૂ.સા. ચારૂશીલાશ્રીજી મ.સા. - કોટડા રોહા

પ.પૂ.સા. કાવ્યગુણશ્રીજી મ.સા. - કોટડા રોહા

પ.પૂ.સા. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. - દેઢિયા તીર્થ

પ.પૂ.સા. મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મ.સા. - દેઢિયા તીર્થ

પ.પૂ.સા. વીરગુણાશ્રી મ.સા. - દેઢિયા તીર્થ

પ.પૂ.સા. ગૌતમગુણાશ્રીજી મ.સા. - દેઢિયા તીર્થ

પ.પૂ.સા. શ્રી વિરાગગુણાશ્રીજી મ.સા. - અંજાર

પ.પૂ.સા. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. - પાલીતાણા

પ.પૂ.સા. મુનિરાજ શ્રી વીરશેખર સાગરજી મ.સા. - બિદડા

પ.પૂ.સા. જયકીર્તિશ્રીજી મ.સા. - ડોણ

પ.પૂ.સા. ભદ્રગુણાશ્રીજી મ.સા. - સામખિયાણી

# ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ
૦૨-૦૩-૧૯૬૪

અરિહંતશરણ
૧૩-૦૪-૨૦૨૦

## ડૉ.રાજેન્દ્ર મણિલાલ કુરૂવા

**(ગામ : ગોધરા • હાલ : મુલુંડ)**

*જીંદગી હતી ટૂંકી છતા યાદો અઢળક મુકી ગયા...*
*સ્નેહ, સમર્પણની મૂડી થકી, સંબંધો તમને ઝૂકી ગયા...*
*છાને ખૂણે રડી લઈશું, જ્યારે આવશે યાદ તમારી...*
*ભર બપોરે થયો સૂરજ અસ્ત, એવી વિદાય તમારી...*

શ્રદ્ધાસુમન

**માતુશ્રી પદ્‌માબેન અશોક ભેદા પરિવાર - વારાપધ્ધર**
**માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા પરિવાર - સાંધવ**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજની શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ સંચાલિત માં આશાપુરા મહિલા કોલેજ ઓફ એજ્યુકેશનનો વાર્ષિકોત્સવ પ્રસંગે દીક્ષાંત સમારોહ યોજાયો. કોલેજમાં બે વર્ષ દરમ્યાન યોજાયેલી જુદી-જુદી સ્પર્ધામાં વિજેતા થનારી બહેનોને પુસ્તક રૂપે ઈનામ વિતરણ કરાયું હતું.

● જાણીતા કવિ કૃષ્ણદેવ દવે સાથે વાર્તા વિહાર અને કાવ્ય નિર્ઝરીના સભ્યો સાથે છઠ્ઠી બારી મહિલા મંડળ ભુજમાં કાવ્યગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો હતો. બન્ને સંસ્થાના પ્રમુખો રમીલાબેન મહેતા અને પુષ્પાબેન વૈદ્યએ કવિને સન્માનિત કર્યા હતા.

● લાયન્સ ક્લબ ઓફ ભુજ કવીન્સ દ્વારા ફર્સ્ટ ચાર્ટર ડેની ઉજવણી ક્લબના સ્થાપક પ્રમુખ રેખાબેન વોરા, મંત્રી પ્રજ્ઞાબેન ઠક્કર તથા ખજાનચી દમયંતીબેન પીનારાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. સિનિયર સિટીઝન્સ ઓફ કચ્છ કાઉન્સિલ માટે અંતાક્ષરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાને નયે પુરાને થીમ આધારિત અંતાક્ષરી કાર્યક્રમમાં સપ્તક, આરોહ, પંચમ, સ્વર અને નાદ એમ પાંચ ટીમ વચ્ચે છ-છ રાઉન્ડમાં સિનિયર સિટીઝન્સોએ જબરદસ્ત પર્ફોમન્સ આપ્યું હતું. રસાકસી સ્પર્ધા વચ્ચે પંચમ ટીમે પ્રથમ ઈનામ મેળવ્યું હતું. ત્રણ વિજેતા ટીમને ઈનામ તથા ભાગ લેનાર સૌ સ્પર્ધકોને ઈનામથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

● ગાંધીધામ તાલુકાના ગળપાદરમાં આવેલી પૂર્વકચ્છની જિલ્લા જેલમાં જિલ્લા સમાહર્તાની અધ્યક્ષમાં જેલ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જેલ, કેદીઓને લગતાં જુદા જુદા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા સમાહર્તા પ્રવીણા ડી.કે.એ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી અને આધુનિક સાધનોની કામગીરીથી વાકેફ થયા હતા તેમજ જરૂરી સૂચનો આપ્યા હતા.

● અંજાર કોર્ટ ખાતે જ્યુડિશિયલ ઓફિસરો, બાર એસોસિયેશનના હોદેદારો તથા સભ્યોએ હાઈકોર્ટની સૂચના અનુસાર જારી કરાયેલી માર્ગદર્શિકા મુજબ પાલન કરી કરાવી કોરોના વાયરસના સંભવિત સંક્રમણને પહોંચી વળવા જાહેર અપીલના બોર્ડ કોર્ટ ગ્રાઉન્ડ તથા સંકૂલમાં લગાડયા ત્યારે એસો.ના હોદેદોરો સભ્યો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

● નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે કોડભરી કન્યા લગ્નના માંડવે જતાં પહેલાં ૫૦૦ જરૂરતમંદોને પૌષ્ટિક આહારનું વિતરણ તથા અબોલ જીવોની ક્ષુધા સંતોષવાનું કાર્ય કર્યું હતું. વિવિધ વિસ્તારોના રંક પરિવારોને પૌષ્ટિક આહારનું વિતરણ સાથે ગૌવંશને ઘાસ, શ્વાનોને લાડુ, પક્ષીને ચણ વિગેરે જીવદયા કાર્યો કર્યા હતા.

● કોરોના વાયરસને લીધે માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મંદિર, રવેચી માતા મંદિર, હાજીપીર વલી દરગાહ સહિતના ધર્મસ્થાનો સાર્વજનિક રીતે બંધ રખાયા છે. ચૈત્રી નવરાત્રી, દરિયાલાલ જયંતિ, હાજીપીર બાબાનો ઉર્સ, રામનવમી જેવા ઉત્સવો મોકુફ રખાયા છે. શાળા કોલેજનાં શિક્ષણ કાર્યો, પરીક્ષા મોકુફ રાખીને મોટા સમૂહથી વાયરસ ન ફેલાય તેની તકેદારી રખાઈ છે. સાર્વજનિક પુસ્તકાલય સુદ્ધાં બંધ રખાયા. નાના ગામથી શહેરોમાં પણ સાવચેતીની સૂચના અપાઈ છે.

● નખત્રાણાના રામેશ્વરમાં ચૈતન્ય આશ્રમના નવનિર્મિત આધુનિક યાત્રિકો માટેના હરિહર ભવનનું સાધુ સંતોના હસ્તે લોકપર્ણ કરાયું. આ નવનિર્મિત ભવનમાં ત્રીસ જેટલા ઉતારારૂમ, ભોજનાલય વિગેરે સુવિધા થતાં અહીં આવતા સાધુ, સંતો, યાત્રિકોને સવલતમાં વધારો થયો છે.

# સ્નેહાંજલિ



જન્મ
૦૨-૦૩-૧૯૬૪

અરિહંતશરણ
૧૩-૦૪-૨૦૨૦

# ડૉ.રાજેન્દ્ર મણિલાલ કુરૂવા

લોહીના સંબંધથી પણ ઉપર બાંધ્યા હૃદયના સંબંધ,
સંઘર્ષ, પ્રેમ, વાત્સલ્યથી પણ ઉપર બાંધ્યા જીવનભરના બંધન,
ભાઈ,પુત્ર બનીને તે જીત્યાં આ ભવના ઋણાનુબંધ,
પ્રભુ પાસે માંગીએ બસ તારા માટે પરમ આનંદ,
જ્યાં રહે તું રાજા બનીને, પામે મુક્તિનો આનંદ...

**માતુશ્રી મહાલક્ષ્મીબેન લક્ષ્મીચંદ લોડાયા પરિવાર**
**માતુશ્રી લીલાવતીબેન મહેન્દ્ર નાગડા પરિવાર**
**ભવ્યા ધર્મેશ મોમાયા પરિવાર**
**સરિતા જયેશ દંડ પરિવાર**
**મનોજ, કાર્તિક, કપિલ**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO